સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# પૂર્વજોના સ્મરણ અને કૃતજ્ઞતાનો પવિત્ર અવસર

ધર્મરંગ
વ્યોમા સેલર

ભારતીય સંસ્કૃતિમાં પરિવાર, પરંપરા અને પૂર્વજો પ્રત્યે કૃતજ્ઞતાને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. આપણા જીવનમાં માતા-પિતા, દાદા-દાદી અને અગાઉની પેઢીઓનું યોગદાન ક્યારેય ભૂલી શકાય નહીં. તેમના કારણે આપણને જીવન, સંસ્કાર, સંસ્કૃતિ અને પરિવારની પરંપરા મળી છે. પૂર્વજોના આ ઋણને યાદ કરવાનો અને તેમના પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરવાનો પવિત્ર અવસર એટલે શ્રાદ્ધ.

'શ્રાદ્ધ' શબ્દ 'શ્રદ્ધા' પરથી આવ્યો છે. એટલે કે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતી સેવા, સ્મૃતિ અને અર્પણ. હિંદુ ધર્મમાં શ્રાદ્ધ દરમિયાન પોતાના દિવંગત સ્વજનોનું સ્મરણ કરવામાં આવે છે અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. આ દિવસ માત્ર એક ધાર્મિક વિધિ નથી, પરંતુ પોતાના મૂળ અને પૂર્વજોને યાદ કરવાનો ભાવનાત્મક પ્રસંગ પણ છે.

**પિતૃઓ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ**

માનવી પોતાના જીવનમાં ઘણી વ્યક્તિઓનું ઋણ ધરાવે છે. તેમાં માતા-પિતા અને પૂર્વજોનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. તેમણે પરિવારની જવાબદારીઓ નિભાવી, સંઘર્ષ કર્યો અને આવનારી પેઢી માટે માર્ગ તૈયાર કર્યો. શ્રાદ્ધ આપણને યાદ અપાવે છે કે આપણે જે સુખ-સગવડો અને સંસ્કારો મેળવી રહ્યા છીએ, તેની પાછળ અગાઉની પેઢીઓનું યોગદાન છે.

શ્રાદ્ધ દરમિયાન પિતૃઓને તર્પણ, પિંડદાન અને ભોજનનું અર્પણ કરવામાં આવે છે. વિવિધ પ્રદેશો અને પરિવારોમાં તેની વિધિ અલગ હોઈ શકે છે. પરંતુ દરેક વિધિ પાછળનો મૂળ ભાવ એક જ છે–પૂર્વજો પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને કૃતજ્ઞતા.

**પિતૃપક્ષનું મહત્ત્વ**

ભાદરવા મહિનાના કૃષ્ણ પક્ષને સામાન્ય રીતે પિતૃપક્ષ અથવા શ્રાદ્ધ પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમિયાન લોકો પોતાના પરિવારના અવસાન પામેલા સભ્યોની તિથિ પ્રમાણે શ્રાદ્ધ કરે છે. જેની ચોક્કસ તિથિ યાદ ન હોય તેમના માટે સર્વપિતૃ અમાસનું પણ વિશેષ મહત્ત્વ માનવામાં આવે છે.



આ દિવસોમાં લોકો સાત્ત્વિક આહાર લે છે, ધાર્મિક કાર્યો કરે છે, ગરીબો અને જરૂરિયાતમંદોને ભોજન કરાવે છે તથા દાન આપે છે. ઘણા પરિવારોમાં ગાય, કાગડા અને અન્ય જીવોને પણ અન્ન આપવામાં આવે છે. આ પરંપરા આપણામાં દયા અને પરોપકારનો ભાવ જગાડે છે.

**શ્રાદ્ધનો સાચો અર્થ**

શ્રાદ્ધને માત્ર વિધિ અથવા કર્મકાંડ તરીકે જોવાને બદલે તેના આંતરિક સંદેશને સમજવો જરૂરી છે. પૂર્વજોને યાદ કરવાનો અર્થ તેમના સારા ગુણોને જીવનમાં ઉતારવાનો પણ છે. તેમણે પરિવાર માટે જે મૂલ્યો જાળવ્યા હોય–સત્ય, સંસ્કાર, મહેનત, સેવા, સદાચાર અને પરસ્પર પ્રેમ–તેને આગળની પેઢી સુધી પહોંચાડવા એ પણ એક પ્રકારનું સાચું શ્રાદ્ધ છે. આ પ્રસંગ પરિવારના સભ્યોને એકસાથે લાવે છે. બાળકોને પોતાના દાદા-પરદાદા વિશે જાણવા મળે છે અને પરિવારનો ઇતિહાસ તથા સંસ્કાર નવી પેઢી સુધી પહોંચે છે. આ રીતે શ્રાદ્ધ માત્ર ભૂતકાળનું સ્મરણ નથી, પરંતુ વર્તમાનને સંસ્કારિત અને ભવિષ્યને મજબૂત બનાવવાની પરંપરા પણ છે. સેવા અને સદ્કર્મનું મહત્ત્વ શ્રાદ્ધના દિવસે જરૂરિયાતમંદોને ભોજન કરાવવું, ગરીબોને દાન આપવું, ગૌસેવા કરવી, વૃક્ષારોપણ કરવું અથવા કોઈ સદ્કાર્ય કરવું પણ કૃતજ્ઞતાની સુંદર અભિવ્યક્તિ બની શકે છે. પૂર્વજોના નામે કરવામાં આવતું સદ્કર્મ પરિવારના મૂલ્યોને જીવંત રાખે છે.

> પિતૃઓના નામે બ્રાહ્મણો, ગરીબો કે જરૂરિયાતમંદોને ભોજન કરાવવું, દાન કરવું અને ભગવાનનું સ્મરણ કરવું પણ પવિત્ર ભાવના માનવામાં આવે છે

**શ્રીમદ્ ભાગવત પુરાણમાં શ્રાદ્ધનું મહત્ત્વ**

શ્રીમદ્ ભાગવત પુરાણમાં ભગવાનના ભક્તિભાવ સાથે પિતૃઓ પ્રત્યેના કર્તવ્ય અને સદાચારનું પણ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. ભાગવતનો મુખ્ય સંદેશ એ છે કે માનવીએ પોતાના જીવનને ભગવાનની ભક્તિ, સાત્ત્વિક કર્મ અને પરોપકારથી પવિત્ર બનાવવું જોઈએ. પિતૃઓનું સ્મરણ અને તેમના માટે કરવામાં આવતી સેવા પણ આ ભાવનાનો એક ભાગ છે.

ભાગવત પુરાણમાં મહારાજ પરીક્ષિતને શ્રી શુકદેવજી દ્વારા સંભળાવવામાં આવેલી કથાઓમાં ધર્મ, કર્મ અને જીવનની નશ્વરતાનું વિશેષ ચિંતન જોવા મળે છે. તે આપણને સમજાવે છે કે દેહ નશ્વર છે, પરંતુ સદ્કર્મો અને સંસ્કારોની અસર પેઢી દર પેઢી આગળ વધે છે. શ્રાદ્ધનો સાચો ભાવ માત્ર અન્ન કે પિંડ અર્પણ કરવામાં નથી, પરંતુ શ્રદ્ધાપૂર્વક પૂર્વજોને યાદ કરવામાં અને તેમના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં છે. અંતે, શ્રાદ્ધ આપણને એક સુંદર સંદેશ આપે છે–જીવન માત્ર પોતાના માટે નથી. આપણે જે કંઈ મેળવ્યું છે તેમાં અનેક લોકોનો ફાળો છે. તેથી પોતાના પૂર્વજોને યાદ કરવું, તેમનો આભાર માનવો અને તેમના સારા સંસ્કારોને જીવનમાં ઉતારવા એ જ સાચી શ્રદ્ધા છે.

# આચરણ

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

ભૌતિક અને આધ્યાત્મિક જીવન જીવવાના કેટલાક સિધ્ધાંતો છે. કેટલીક પ્રણાલી છે. એમાંનો એક સિધ્ધાંત પ્રણાલી છે આચરણ. જીવનની કેટલીક બાબતો સમજીએ, જાણીએ પણ તેનું આચરણ ન હોય તો જીવનમાં ધારી સફળતા મળતી નથી. તે જ રીતે આધ્યાત્મિકતાના સંદર્ભમાં પરમ તત્ત્વની પ્રાપ્તિ અંગે આપણે વાચન, કથાશ્રવણ કે અન્ય રીતે જાણકારી, સમજ મેળવીએ પણ તદનુસાર આચરણ ન હોય તો જે તે ક્ષેત્રમાં ધારી સફળતા અને સિધ્ધિ મળતી નથી.

ભૌતિક અને આધ્યાત્મિક જીવનના સંદર્ભમાં આચરણ અંગે હું મારા વિચારો, મારી સમજણ રજૂ કરું છું. સૌ પ્રથમ ભૌતિક જીવનની વાત કરીએ. ઈશ્વરે જીવને આ ભૌતિક જગતમાં જન્મ આપ્યો છે એટલે ભૌતિકતામાંથી આધ્યાત્મિકતામાં, લૌકિકતામાંથી અલૌકિકતા તરફ ગતિ કરી શકાય છે. અલૌકિકતાનો માર્ગ- પરમતત્ત્વની પ્રાપ્તિનો માર્ગ લૌકિકતામાંથી જ પસાર થાય છે તેથી આચરણ એ બે બાબતમાં અનિવાર્યપણે આવશ્યક છે. બાલ્યકાળથી કિશોરાવસ્થા અને વિદ્યાર્થી અવસ્થામાં અભ્યાસનું આચરણ અનિવાર્ય છે. આ સમયમાં બાળકોને પરમ તત્ત્વની શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી ઈષ્ટના દૈનિક સ્મરણની ટેવ પાડો. પ્રાતઃકાળે વહેલા ઊઠવાની ટેવ પાડો. સૂર્યને અર્ઘ્ય અપાવો. ઘરના મંદિરમાં અનુકૂળ હોય તો દીવો પ્રગટાવી અભ્યાસમાં પરોવા જણાવો. આથી બાળકના મનમાં વૈચારિક સ્થિરતા કેળવાશે. અભ્યાસમાં ચિત્ત પરોવાશે, જે તેને સમય જતાં તેની કારકિર્દી ઘડવામાં મદદરૂપ થશે.

આર્થિક ઉપાર્જનમાં જે તે ક્ષેત્રે જે તે કામ કરવાની કુનેહ, જવાબદારી સ્વીકારવાની જરૂર છે. ક્યારેક પોતાના ભાગના કાર્ય ઉપરાંત પણ બીજું કાર્ય કરવાનું આવે તો વિના સંકોચે પ્રેમથી ફરજભાવનાથી સંપન્ન કરવા તત્પર રહેવું જોઈએ. આ વેળા આ કામ મારું નથી તેવી ભાવના રાખવાને બદલે જવાબદારીથી સંસ્થા પ્રત્યેની વફાદારીના ભાવથી કાર્ય થાય તો સરવાળે આપણી કાર્યકુશળતામાં અભિવૃદ્ધિ થશે. આ હકીકત અર્થોપાર્જનમાં અને જે તે ક્ષેત્રમાં આગળ વધવાની, બઢતી મેળવવાની ઘણી મોટી તક પૂરી પાડશે. આચરણની આ પરિપાટી સ્વાનુભવનો વિષય બની રહેશે.




સાંસારિક જીવનમાં ગોઠવાયા પછી માતા-પિતા, ભાઈ-બહેન, સગાં-સ્નેહીઓ સાથે હળીમળીને એકમેકને સહાયરૂપ, અનુકૂળ બનીને રહેવા મન કેળવવાની જરૂર છે. સંસારમાં ઘરમાં, કુટુંબમાં સ્નેહ સંપ જાળવવાની કુટુંબના દરેક નાના-મોટા સભ્યની જવાબદારી છે. કુટુંબમાં આત્મીયતા જાળવી રાખવી એ દરેક સંસારની સૌથી મોટી જવાબદારી છે. તો જ વ્યક્તિગત અને કૌટુંબિક, સામાજિક સ્વસ્થતા, શાંતિ, સ્નેહ જળવાશે. આજના સમયમાં કુટુંબમાં સ્નેહ, શાંતિ અને આત્મીયતા ટકાવી રાખવા સૌનો અભિગમ રહે એ જ બહુ મોટું આચરણ છે.

ભાઈ-ભાઈઓમાં, સાસુ, નણંદ, વહુ, દેરાણી-જેઠાણી વચ્ચે સ્નેહ અને આત્મીયતા ટકી રહે અને જતું કરવાની, મન મોટું રાખવાની ભાવના કેળવાય તો સંસાર સુમેળભર્યો બનશે.

હવે વાત કરીએ આધ્યાત્મિકતાની, ધર્મની, પરમ તત્ત્વની. આપણે આપણો ધર્મ, આધ્યાત્મિકતા, પરમ તત્ત્વને પ્રાપ્ત કરવા ઘરના દેવને સ્નાન-અભિષેક કર્યો, પુષ્પો ચડાવવાં કે થાળ ધરાવવામાં સીમિત બનાવી દીધો છે. આ કરીએ તે બરાબર છે પણ આધ્યાત્મિક આચરણની વાત કરીએ તો એ આચરણ કેવળ માનસિક ક્રિયા-પ્રક્રિયા છે. માત્ર પલાંઠી વાળી માળા-સ્તોત્ર પાઠ કરવાથી જ આધ્યાત્મિકતા કે પરમ તત્ત્વની પ્રાપ્તિ સરળ બનતી નથી. એટલામાં જ આધ્યાત્મિકતા સમાયેલી નથી. આધ્યાત્મિકતાના અનુસરણમાં આપણા સંપર્કમાં આવતાં, રહેતાં સૌ સાથે પ્રેમ અને આત્મીયતાભર્યો વ્યવહાર કરીએ તે જરૂરી છે. કોઈની મુશ્કેલી પ્રેમથી, આત્મીયતાથી સાંભળી તેની વિકટતામાં સહભાગી બની તેના પ્રત્યે સહાનુભૂતિ દાખવવી એ બહુ મોટી વાત છે. શક્ય તેટલી તેને મદદ કરીએ. આ મદદ માત્ર ભૌતિકતામાં જ નથી સમાયેલી પણ માનસિક સંવેદના વ્યક્ત કરવામાં પણ સમાયેલી છે. વ્યક્તિને જેટલા માનસિક સધિયારાની જરૂર છે તેટલી કદાચ ભૌતિક સધિયારાની નથી જરૂર.

> આચરણ વ્યક્તિનાં વાણી, વર્તન, વ્યવહારની શુદ્ધિ છે વ્યક્તિ જવાબદારી, સમજદારી, ઈમાનદારી અને વફાદારી સમજે, જાણે અને તેને વ્યવહારમાં મૂકે તે જરૂરી છે

આચરણ એ વ્યક્તિનાં વાણી, વર્તન, વ્યવહારની પરિભાષા છે. ક્રિયા, પ્રક્રિયા, પ્રતિક્રિયા છે. પોતાને આખાબોલા ગણાવતાં લોકો વાતવાતમાં તોછડાઈથી વાત કરે છે. ઉતારી પાડે છે, નીચા પાડે છે અને તેઓનું કેવી રીતે અહિત થાય, તેની કારકિર્દી કેવી રીતે અવરોધાય તેવું વર્તન કરે છે. મિત્રભાવે એકમેકની સાથે કરેલી વાતો પ્રગટ કરી દઈ વિશ્વાસઘાત કરે છે અને વ્યક્તિને ઘણી મોટી મુશ્કેલીમાં મૂકી દે છે. આચરણ વ્યક્તિનાં વાણી, વર્તન, વ્યવહારની શુદ્ધિ છે. આ વફાદારી જાત સાથે, કુટુંબ સાથે, સમાજ સાથે, સૌ સગાંવહાલાં, સંબંધીઓ, સ્નેહીઓ, મિત્રો સાથે રાખવી જરૂરી જ નહીં, અનિવાર્ય પણ છે. સમાજમાં વ્યક્તિ એક સારા સજ્જન સન્નારી તરીકે સ્થાન-માન પામશે.

આમ સમાજમાં, સૌના મનમાં સ્થાન-માન મેળવવાનું વ્યક્તિના હાથમાં છે. મારી દૃષ્ટિએ વફાદારી તો પરમ તત્ત્વ માટે પણ જરૂરી છે. એ અંતર્યામીને બધી જ ખબર છે. વ્યક્તિના મનના ભાવો તે સુપેરે જાણે- સમજે છે અને તે પ્રમાણે તેના જીવનની ગતિ કરે છે.

મારી દૃષ્ટિએ આચરણની પરિભાષામાં વફાદારી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઉપાસના ગમે તેટલી કરો કે ગમે તેટલી કથા સાંભળીએ પણ જ્યાં સુધી મનના મલકમાં માનવતાનું વાવેતર નહીં થાય ત્યાં સુધી આ સઘળી બાબત વ્યર્થ છે. સમગ્ર જીવનમાં આચરણ શુદ્ધિ ભૌતિક અને આધ્યાત્મિક જીવનની આધારશિલા છે.